1. કશમીર રાજયના મુખ્ય વંશોની માહિતી આપો.

- કશમીરના હિન્દુ રાજયનો ઈતિહાસ કવિ કલ્હણના 'રાજતરંગિણી' ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. સાતમી સદીમાં દુર્લભવર્ધને કેશમીરમાં 'કર્કોટક' વંશની સ્થાપના કરી. તેમના પછી તેમનો પુત્ર દુર્લભક શાસક બન્યો. આ વંશમાં અંતિમ શક્તિશાળી શાસક જયાપીડ થયો, જેણે આઠમી સદીમાં કનોજના શાસક વ્રજીયુદ્ધને હરાવ્યો હતો. ત્યારબાદ અવન્તિવર્મન નામના શાસકે ઉત્પલ વંશની સ્થાપના કરી અને 'અવંતિપુર' નામનું નગર વસાવ્યું. આ પછી આ વંશમાં શંકવર્મન અને ગોપાલવમેન નામના શાસકો થયા.
- ત્યારબાદ ક્ષેમગુપ્ત ગાદીએ આવ્યો તે વિલાસી અને લંપટ હતો. તેની પરાક્રમી રાણી 'દિદા' (લાહોરના રાજા સિદ્ધરાજની પુત્રી)એ કશ્મીરનો વહીવટ સંભાળ્યો તથા લોકપ્રિયતા પ્રાપ્ત કરી. રાજરાણી દિદાના અવસાન બાદ કમીર લોહાર વંશના હસ્તક આવ્યું. 'લોહાર' વંશમાં રાજા જયસિંહ થયો, તેના રાજદરબારમાં રાજકવિ બિલણ માનભર્યું સ્થાન ધરાવતો હતો. લોહારવંશનો છેલ્લો રાજા જયસિંહ હતો. આ પછી શાહમીર નામના મુસ્લિમ યોદ્ધાએ પોતાના શાસનની શરૂઆત કરી અને શાહમીરના વંશજોએ કશમીરમાં શાસન કર્યું. અકબરે કશમીર જીતીને તેને મુઘલ સામ્રાજયમાં ભેળવી દીધું.

2. ગુજરાત ના સોલંકીકાલીન સ્થાપત્ય વિશે નોંધ લખો.

- ગુજરાતમાં ચાવડાવંશનો અંતિમ રાજા સામંતસિહ પાસેથી સત્તા મૅળાવીને મૂળરાજ સોલંકીએ ગુજરાતમાં સોલંકીવંશની સ્થાપના કરી. તેણે સારસ્વતમંડળ જીતીને અણહિલપાટક (પાટણ) ખાતે પોતાની રાજધાની સ્થાપી. મુળરાજ શૈવધર્મી હતો અને તેણે પાટણ પાસેના સિદ્ધપુર 'રુદ્રમહાલય' નામનું એક ભવ્ય શિવાલય બંધાવવાની શરૂઆત કરી હતી.મહમૂદ ગઝનવીના આક્રમણને કારણે તૂટી ગયેલા સોમનાથ ના મંદિરને ભીમદેવે ફરી બંધાવ્યું.
- ભીમદેવના મંત્રી વિમલશાહે આબુ પર જૈનમંદિરો બંધાવ્યાં છે. વિમલવસહિ સ્થાપત્યકલાનો સુંદર નમૂનો છે. ભીમદેવના પુત્ર કવિ પ્રથમે આશાવલ (અમદાવાદ) પાસે સાબર પડી નદીના કિનારે કણવિતી નામનું નવું નગર બંધાવ્યું અને ત્યાં કર્નમેરુ નામનું શિવાલય બંધાવ્યું. સિદ્ધરાજ જયસિહ મહાન વિજેતા હોવા ઉપરાંત સમર્થ શાસન પર પણ હતો. તેણે જ્યોતિષ, ન્યાય અને પુરાણોના અભ્યાસ માટે મહાશાળાઓ સ્થાપી હતી. તે પોતે પણ કલા, સ્થાપત્ય, સાહિત્ય, જ્યોતિષ, ન્યાય અને વિવિધ શાસ્ત્રોનો જાણકાર હતો.
- તેના દરબારના પ્રખ્યાત જૈન વિદ્વાન કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' નામે વ્યાકરણનો મહાગ્રંથ તથા સોલંકી રાજાઓની કીર્તિગાથા વર્ણવતું કયાશ્રય'' નામનું મહાકાવ્ય રચ્યું. તેણે પાટણ ખાતે સહસલિગ નામે સ્થાપત્યકલાના સુંદર નમૂનારૂપે તળાવ બંધાવ્યું. સિદ્ધરાજે 'રુદ્રમહાલય'નું બાંધકામ પૂર્ણ કરાવ્યું. તેમાં સોરઠના સૂબા સજ્જને ગિરનાર પર્વત પર સોમનાથનું મંદિર બંધાવ્યું, જે સ્થાપત્યકલાનો ઉત્તમ નમૂનો ગણાય છે. કુમારપાળ ધર્મસહિષ્ણુ, ઉદાર, લોકકલ્યાણકારી અને બાહોશ રાજા હતો. ભીમદેવ દ્વિતીયના સામંત વીરધવલના મંત્રી વસ્તુપાલ અને તેજપલે જૈન ધર્મનાં અનેક દેરાસરો બંધાવ્યાં.
- તેમાં દેલવાડા (આબુ) શત્રુંજય પર્વત પરનાં દેરાસરો ગુજરાતની સમૃદ્ધિ અને ગૌરવ ને શોભે તેવાં સ્થાપત્યકલાના ઉત્કૃષ્ટ નમૂના છે. ગુજરાતમાં સોલંકી -વાઘેલા વંશનો સમય સવર્ણયુગ ગણાય છે. રાજાઓ શક્તિશાળી, પ્રજા કલ્યાણ કારી ધર્મસહિષ્ણુ તથા અને કલાના શોખીન હતા. તેમના શાસન કાળમાં ગુજરાતમાં શાંતિ, સલામતી અને જળવાઈ રહ્યાં. પરિણામે સાહિત્ય અને કલાનો સુંદર વિકાસ થયો. આ સમય માં બંધાયેલ સિદ્ધપુરનો

રૂદ્રમહાલય, મોઢેરાનું સૂર્યમંદિર, વડનગર નું કીર્તિતોરણ, સોમનાથનું શિવમંદિર, દેલવાડાનું વિમલ વસહિ, વસ્તુપાલ-તેજપાલનાં દહેરાં (લૂણવસહી), પાટલનું સહલિંગ તળાવ, ધોળકાનું મલાવ તળાવ અને વિરમગામનું મુનસર પુર ગુજરાતની સ્થાપત્યકલાના શ્રેષ્ઠ નમૂનાઓ છે.

### 3. રાજપૂત યુગના ઉદય પૂર્વની ભારતની રાજકીય સ્થિતિ જણાવો.

- ઈ. સ.1647માં સમ્રાટ હર્ષવર્ધનનું અવસાન થયું. તેને કોઈ પુત્ર ન હતો. તેના અવસાન સાથે ભારતના પ્રાચીન યુગનો અંત આવ્યો. તેના સામ્રાજ્યમાંથી નાના નાના સ્વતંત્ર રાજ્યો ઊભાં થયાં. આવાં રાજ્યોમાં સૌથી મોખરે ઉત્તર ભારતના ગુર્જર-પ્રતિકાર રાજવીઓ હતા. આ પ્રતિહારોએ અરબ આક્રમણો સામે આશરે 300 વર્ષ સુધી ભારતનું રક્ષણ કર્યું હતું. ઈ. સ. 1950ની આસપાસ ઉત્તર ભારતનો આ બળવાન પ્રતિહાર સામ્રાજ્યનું પતન થયું અને તેના હાથ નીચેનાં નાનાં નાનાં ખડીયાં રાજપૂત રાજ્યો સ્વતંત્ર સત્તા ધરાવતાં થયાં.
- આ બધાં રાજ્યો અંદરોઅંદર લડતાંઝઘડતાં હોવા છતાં આ રાજ્યો બારમી સદી સુધી ટકી શક્યાં હતાં. આ રાજપૂતોએ ઉત્તર અને પશ્ચિમ ભારતના ઈતિહાસમાં એટલો બધો આગળપડતો ભાગ ભજવ્યો હતો કે હર્ષવર્ધનના અવસાનથી ભારત પર મુસ્લિમોના વિજય સુધીના સમયને એટલે કે ઈ. સ. 700થી 1200 સુધીના સમયને ઈતિહાસકારો રાજપૂત યુગ તરીકે ઓળખાવે છે. આ યુગ દરમિયાન ઉત્તર અને પશ્ચિમ ભારતમાં લગભગ બધી જગ્યાએ રાજપૂતોનું રાજકીય વર્ચસ્વ સ્થપાયેલું હતું. આ સમય દરમિયાન ભારત પર થયેલા મુસ્લિમ આક્રમણોનો તેમણે સબળ પ્રતિકાર કર્યો હતો. રાજકીય એકતાના અભાવના આ યુગમાં રાજપૂતોએ હિન્દુ સંસ્કૃતિ અને સભ્યતાની જ્યોત જલતી રાખીને નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી હતી.

### 4.કનોજના ગઢવાલ રાજવીઓની કારકિર્દી વર્ણવો.

- ગઢવાલ રાજાઓ મૂળ દક્ષિણ ભારતના હતા. તેઓ રાષ્ટ્રકૂટો અને રાઠોડની એક શાખાના હતા તેમ મનાય છે. અગિયાર મી સદીમાં મહમૂદ ગઝનવીના આક્રમણથી કનોજમાં અરાજકતા અને અંધાધુંધી સ્થપાઈ. આવી સ્થિતિનો લાભ લઈ ચંદ્રદેવ નામના ગઢવાલ રાજપૂત કનોજમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. ગોવિંદચંદ્ર આ વંશનો પ્રતાપી અને શક્તિશાળી રાજા હતો.
- તેનો પૌત્ર જયચન્દ્ર ભારે પરાક્રમી હતો. તે દિલ્લીના (મૂળ અજમેરના) ચૌહાણ રાજા પૃથ્વીરાજનો માસીનો દીકરો ભાઈ હતો. તેને પૃથ્વી રાજ ચૌહાણ સાથે વેર હતું. રાજકીય અદાવતને કારણે તેણે મોહમ્મદ ઘોરીને પૃથ્વીરાજ પર આક્રમણ કરવા આમંત્રણ આપ્યું. તેણે તરાઈના બીજા યુદ્ધ(ઈ. સ. 1193) માં પૃથ્વીરાજ ચૌહાણ ને મદદ કરી નહિ. આથી પૃથ્વીરાજ પોરી સામે હારી ગયો અને પૃથ્વીરાજની સતાનો અંત આવ્યો. વિદેશી આક્રમણખોર ઘોરી લૂંટના ઈરાદે ભારત આવ્યો ન હતો. તેથી તેણે બીજા જ વર્ષે જયચંદ્રને હરાવી તેનું રાજ્ય પણ લુંટી લીધું. આમ, કનોજમાંથી ગઢવાલવંશી રાજપૂત રાજસત્તાનો અંત આવ્યો.

### 4. મેવાડના ગોહિલ રાજવીઓની કારકિર્દી વર્ણવો.

- મધ્યકાલીન ભારતના ઈતિહાસમાં ગોહિલ રાજવીઓનું નામ ઘણું પ્રખ્યાત છે. તેમના વિશે અનેક દંત કથાઓ પણ પ્રચલિત છે. ગોહિલો પાછળથી સિસોદિયા રાજપૂતો કહેવાયા. શરૂઆતમાં ગોહિલો ગુર્જર પ્રતિહાર

રાજાઓના સામંતો હતા. દસમી સદીના મધ્યભાગમાં પ્રતિહારોની સત્તા નબળી પડતાં બપ્પા રાવળ નામના ગોહિલવંશી રાજપૂતે ચિત્તોડ તથા તેની આજુબાજુના પ્રદેશ (મેવાડ) પર સ્વતંત્ર રાજય સ્થાપ્યું. તેમને ગુજરાતના સોલંકી અને અજમેરના ચૌહાણ રાજવીઓ સાથે અવારનવાર સંઘર્ષો થતા હતા.

- ઈ. સ. 1303માં અલાઉદ્દીન ખલજીએ મેવાડ પર ચડાઈ કરી. મેવાડના રાણા રતનસિંહનો પરાજય થતાં મેવાડની સત્તાનો કામચલાઉ અંત આવ્યો. પરંતુ આગળ જતાં રાણા રતનસિંહે મેવાડમાં ફરીથી પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપી. આમ, મેવાડના ગોહિલવંશી સિસોદિયા રાજપૂતો પણ રાજપૂતયુગના રાજસ્થાનની પ્રસિદ્ધ શાસકો હતા.

### 6.ઓડિશા(કલિંગ)નાં ગંગેય રાજાઓની સિદ્ધિઓનું વર્ણન કરો.

- ઓડિશાનું પાટનગર ભુવનેશ્વર છે. ઓડિશા તેનાં મંદિરો માટે જાણીતું છે. પ્રાચીન સમયમાં આ રાજય 'કલિગ રાજય' તરીકે ઓળખાતું, જે કલિંગના ઐતિહાસિક યુદ્ધ તરીકે પ્રચલિત છે. પાંચમી સદીમાં મધ્યકલિંગ અને દક્ષિણ કલિગમાં જુદા જુદા વંશના રાજાઓનું શાસન હતું. ઉત્તર કલિંગના ગંગ લો કોએ મધ્ય કલિગ કબજે કર્યું. આ ગંગ લોકો મૈસૂરના ગંગ વંશના શાસકો હતા.
- આ ગંગ લોકોએ કલિગ પર આશરે 400 વર્ષ રાજય કર્યું. તેઓ ત્રિકોલગાધિપતિ'નું બિરદ ધારણ કરતા હતા. તેમનો અંતિમ રાજા દેવવર્મન ચોથો હતો. અગિયારમી સદીમાં મા પ્રવેશ પર બીજા નંગ કુટુંબનું શાસન જોવા મળે છે, તેનો સ્થાપક 'અનંતવર્માન' હતો. તેણે 'ઑરિસ્સાપતિ કે 'કલાધિપતિ'નો ઇલકાબ ધારણ કર્યો હતો. તેમણે પુરીમાં જગન્નાથજીનું પ્રખ્યાત મંદિર બંધાવી ઈ. સ. 1150 સુધી રાજય કર્યું..ઈ. સ. 1205માં બખત્યારૂદિન ખલજીએ કલિગ જીતવા લશ્કર મોકલ્યું, પરંતુ તેનો પરાજય થયો. નરસિહ પહેલાના સમયમાં મુસ્લિમ શાસકોને આક્રમણ કર્યો, પરંતુ સફળતા મળી નહિ. નરસિહ પહેલાએ પુરી જી કે કોણી કનું પ્રખ્યાત સુર્યમંદિર બંધાવ્યું. ઓરિસા ગંગો પછી ગજપતિઓએ શાસન કર્યું.

### 7. દેવગિરિના યાદવ રાજાઓની કારકિર્દી વર્ણવો.

- યાદવો શ્રી કૃષ્ણના વેશમાંથી ઉતરી આવ્યા હોવાનું માનવામાં આવે છે. દક્ષમાં તેમણે દેવગિરિ (હાલનું દોલતાબાદ) મુકામે રાજધાની સ્થાપી પોતાની રાજયસત્તા સ્થાપી હતી. શરૂઆતમાં તેઓ રાષ્ટ્રશ્વના અને તે પછી પશ્ચિમના ચાલુક્યોના સામંતો હતા. દસમી સદી પછી તેઓ સ્વતંત્ર બન્યા હતા. દેવગિરિના યાદવોમાં જેત્રપાલ અને સિંધણ નામના પ્રતાપી રાજાઓ થઈ ગયા હતા. આ વંશનો અંતિમ રાજા રામચંદ્ર હતો. તેણે ગુજરાતના અંતિમ વાઘેલા રાજા કર્ણવાઘેલાને અને તેની પુત્રી દેવળદેવીને અલાઉદ્દીનના આક્રમણ સામે રાજયાશ્રય આપ્યો હતો.
- આથી અલાઉદ્દીનના સેનાપતિ મલિક કાફૂરે ઈ. સ. 1307માં રામચંદ્રને પરાજય આપી યાદવે રાજસત્તાનો અંત આણ્યો. દખ્ખણ ભારતના સાંસ્કૃતિક વિકાસમાં યાદવ રાજવીઓનો ફાળો ઘણો મોટો ગણાય છે. તેઓ વિદ્યા અને કલાના પ્રેરક તથા પ્રશંસક હતા. રાજા સિધણના મંત્રી સૌઢલના પુત્ર સારંગધરે સંગીતશાસ્ત્ર પર "સંગીતરત્નાકર" નામનો ગ્રંથ લખ્યો હતો. રાજા સિધણે આ ગ્રંથ પર ટીકા પણ લખી હતી. પ્રખ્યાત જ્યોતિષાચાર્ય ભાસ્કરાચાર્યનો પૌત્ર ચાંગદેવ સિઘણના દરબારનો પ્રખર જ્યોતિષાચાર્ય હતો. યાદવ રાજા કૃષ્ણના નાના ભાઈ મહાદેવના શાસનકાળમાં પંઢરપુર ખાતે પ્રભુ વિઠોબા (વિષ્ણુ-વિઠ્ઠલ)નું અતિ પ્રસિદ્ધ મંદિર

બંધાવ્યું હતું. અંતિમ યાદવ રાજા રામચંદ્રના શાસનકાળમાં મહારાષ્ટ્રનો પ્રખ્યાત સંત શાને મોરનાં જ્ઞાન, ભક્તિ અને તત્ત્વજ્ઞાન(જ્ઞાનેશ્વરી ગીતા)નો લાભ મળ્યો હતો.

## 8. રાષ્ટ્રકૂટ રાજાઓનો રાજકીય ઇતિહાસ જણાવો.

- દખ્ખણના સતારા-વિદર્ભ વિસ્તારોમાં ચાલુક્યવંશની સત્તા નબળી પડતાં રાષ્ટ્રકૂટ વંશી રાજવીઓએ ત્યાં પોતાની રાજધાની સ્થાપી. રાષ્ટ્રકૂટ એટલે 'રાષ્ટ્ર(મંડળ કે પ્રાંત)નો વડો અધિકારી. રાષ્ટ્રકૂટ કુળનો સ્થાપક કોઈ રાજસત્તાનો ઉચ્ચ,અધિકારી હોવાનું જણાય છે. અશોકનો શિલાલેખોમાં આ નામનો ઉલ્લેખ જોવા મળે છે. ઇન્દ્ર પ્રથમ આ વંશનો પહેલો શાસક હોવાની માહિતી મળે છે.
- તેણે એલચીપુરમ (વિદર્ભ પાસે) ખાતે રાજધાની સ્થાપી પોતાની રાજસત્તા પ્રબળ બનાવી હતી. તેનાં લગ્ન ચાલુક્ય રાજકુમારી ભવનાગા સાથે થયાં હતાં. તેના અવસાન બાદ તેનો પુત્ર દંતિદુર્ગ સત્તા પર આવ્યો. આ વંશનો પરાક્રમી અને મહત્ત્વાકાંકી રાજા હતો. તે રાષ્ટ્રકૂટ વંશ ની પ્રતિભા અને સત્તાનો સાચો સ્થાપક ગણાય છે. તેના પછી કૃષ્ણરાજ પ્રથમ ગાદીએ આવ્યો. તેણે વેંગીના ચાલુક્યો ને હરાવી મિત્રસંઘ ની સ્થાપના કરી, તેના પ્રતાપથી રાષ્ટ્રકૂટો ચાલુક્ય રાજયના માલિક બન્યા. રાજયસત્તા સ્થિર અને સુદઢ થતાં તેમણે કલા અને સ્થાપત્યના ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન આપ્યું. ધ્રુવ પ્રથમે પ્રથમ દક્ષિણ ભારતમાં વિજય મેળવ્યા અને ત્યારબાદ ઉત્તર ભારત તરફ કૂચ કરી હતી. તેણે ગુર્જર-પ્રતિહાર વત્સરાજ અને પાલવંશી ધર્મપાલને પરાજય, આપી પોતાની સાર્વભૌમ સત્તા સ્થાપી હતી. તેના પછી ગાદીએ આવેલ ગોવિંદ ત્રીજાએ ઉત્તર ભારતનાં અને દક્ષિણ ભારતનાં રાજયોને તાબે થવાની ફરજ પાડી હતી.
- આમ, તેણે આઠમી સદીમાં દાખણમાં પોતાનું મજબૂત અને વિશાળ સામ્રાજ્ય ઊભું કર્યું. તેણે પૂર્વજો દ્વારા સ્થપાયેલ મિત્રસંઘ ને વિખેરી નાખી કાંચીનું પલ્લવ સામ્રાજય જીતી લીધું. તેનો પુત્ર અમોઘવર્ષ પિતા જેવો જ પરાક્રમી હતો. તેણે મોનેટ(સોલાપુર પાસે આવેલું હાલના માલ ખેડ)માં નવી રાજધાની સ્થાપી હતી. તેને ધર્મ અને સાહિત્ય તરફ વધુ અનુરાગ હતો. તે વિદ્વાન અને પ્રખ્યાત લેખક હતો. તેણે 'કવિરાજમાર્ગ' નામની ગ્રંથ લખ્યો હતો, જે કન્નડ ભાષામાં કાવ્યશાસ્ત્રની પ્રથમ કૃતિ ગણાય છે. ઈ. સ. 975માં કકે દ્વિતીયના સમયમાં વારસાવિગ્રહો થવા લાગ્યા, જેને કારણે રાષ્ટ્રકૂટ રાજસત્તાની પ્રતિભામાં ઓટ આવવા લાગી. આખરે કલ્યાણીના ચાલુક્ય રાજા તૈલપે માન્યખેટ પર ચડાઈ કરી રાષ્ટ્રકૂટ સત્તાનો અંત આણ્યો.

## 9. બુંદેલખંડના ચંદેલ રાજાઓની સમજૂતી આપો.

- નવમી સદીમાં યમુના નદી અને નર્મદા નદી વચ્ચે ના પ્રદેશમાં ચંદેલ રાજાઓનું શાસન હતું. 'ખજૂરાહોનગર'ને તેમણે રાજધાની બનાવી હતી. રાજાઓ મૂળ ચંદ્રવંશી રાજપૂત હોવાનું મનાય છે. એ તેઓ ગુર્જર-પ્રતિહારોના ખંડિયા રાજાઓ હતા. સ્વતંત્ર થયા પછી આ રાજાઓએ મહોબા અને કાલિંજરમાં રાજધાની સ્થાપી હતી. આ રાજાઑ પરાક્રમી, ઉદાર તથા સાહિત્ય અને કલાના કદરદાન હતા.
- કવિ માધવ, કવિ કૃષ્ણમિશ્ર અને કવિ નંદન તેમના દરબારી કવિ હતો. રાંદેલ રાજાઓએ ખજુરાહો ખાતે બંધાવેલાં ભવ્ય અને કલાત્મક તથા વિષ્ણુનાં મંદિરા પોતાના સમૃદ્ધ કલાવારસાને લીધે વિશ્વવિખ્યાત છે. આથી બુંદેલખંડના ચંદેલ રાજવીઓનું કલા-સ્થાપત્ય ક્ષેત્રનું પ્રદાન આજે પણ વખણાય છે.

## 10.ચેદીના કલેચૂરીવંશના રાજાઓની માહિતી આપો.

- મહાભારત અને પુરાણોમાં ચંદીના કલચરીવંશના રાજાઓનો વારંવાર ઉલ્લેખ આવે છે. આ ઐતિહાસિક દષ્ટિએ લગભગ સાતમી સદીના ઉત્તરાર્ધમાં તેઓ ગજરાત, ઉત્તર મહારાષ્ટ્ર અને પાછળથી માળવાના કેટલાક પ્રદેશો પર શાસન કરતા હતા. તેઓ ભારતના પ્રાચીન રાજવંશોના હોવાનું જણાય છે. આ વેશમાં શંકર ગણ અને બાલહર્ષ નામના પ્રતાપી રાજાઓ થયા. આઠમી સદીમાં ઉત્તર ભારતના ઘણા પ્રદેશો પર કલચુરીવંશની શાખાઓ જુદી જુદી જગ્યાએ શાસન કરતી હતી. તેમની મુખ્ય શાખાનું પાટનગર ત્રિપુરી હતું. જે હાલના જબલપુરથી 10 કિલોમીટર દૂર પશ્ચિમે આવેલું હતું.
- આ વંશનો સ્થાપક કોમલ્લ પ્રથમ હતો. તેણે આજુબાજુના રાજપૂત રાજાઓ સાથે સતત યુદ્ધો કરીને પોતાના રાજ્યની સીમા વધારી હતી. મોટા ભાગના લચેરી રાજાઓ શિવના ઉપાસક (શૈવપંથી) હતા. તેમણે પોતાના રાજ્યમાં અનેક શિવમંદિરો બંધાવ્યાં હતાં. આ ઉપરાંત તેમણે રાજ્યમાં બૌદ્ધમંદિરો બાંધવાની પરવાનગી આપીને પોતાની ધર્મસહિષ્ણુ નીતિનાં દર્શન કરાવ્યાં હતાં. અગિયારમી સદીમાં થયેલો ગાંગેયદેવ કલચરીવંશનો સૌથી પ્રતાપી રાજા હતો. તેણે વિક્રમાદિત્ય'નું બિરુદ ધારણ કર્યું હતું . ચંદલોએ તેમને હરાવી કલચૂરીવંશનો અંત આણ્યો.

## 11. હોયસળ રાજાઓ ક્યા પ્રદેશના હતા? તેમની ખાસિયતોનો ખ્યાલ આપો.

- હોયસળ રાજાઓ યાદવોની એક શાખાના રાજપૂતો હતો. શરૂઆતમાં તેઓ મૈસૂરના નાનકડા પ્રદેશ પર શાસન કરતા હતા. તેમણે કલ્યાણીના ચાલુક્યોનું આધિપત્ય સ્વીકાર્યું હતું. બારમી સદીમાં વિષ્ણુવર્ધન નામના હોયસળ રાજાઓએ ચોલ તેમજ કલ્યાણીના ચાલુક્યોને પરાજિત કરી પોતાના રાજ્યનો વિસ્તાર વધારવાનું શરૂ કર્યું હતું. તેમણે પોતાની રાજધાની બેલાપૂરમાથી દ્વારસમુદ્ર (હાલેબીડ) નામના નગરમાં સ્થાપી હતી.
- આથી તેઓ 'દ્વારસમુદ્રના હોયસળ રાજવીઓ' તરીકે ઓળખાય છે. હોયસળ રાજવંશમાં વીર બલ્લાલ દ્વિતીય અને વીર મલાલ તૃતીય નામના પરાક્રમી રાજાઓ થઈ ગયા. તેમને ચોલ , પાંડય તથા દેવગિરિના પાદડ્યો સાથે વારંવાર લડાઈઓ થયા કરતી હતી.
- આખરે ઈ. સ. 1310માં દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખલજીના સેનાપતિ મલિક કાફરે બલ્લાલ તૃતીયને પરાજય આપી હોયસળ રાજવીઓની સત્તાનો અંત આણ્યો. હોયસળ રાજાઓએ પણ દમણના સાંસ્કૃતિક વિકાસમાં મોટું પ્રદાન આપેલું છે. આ રાજાઓ હિન્દુ હોવા છતાં ભારતીય પરંપરા અનુસાર તેમણે ધર્મસહિષ્ણુતા અપનાવી હતી. તેમના સમયમાં મૈસૂર પ્રદેશમાં જેન ધર્મ તથા વૈષ્ણવ સંપ્રદાયનો ઘણો પ્રચાર થયો હતો. હોયસળ રાજાઓએ મૈસૂરની બાજુમાં શ્રવણબેલગોડા ખાતે વિશાળ ગોમટેશ્વર ઉપરાંત હલેબીડ અને બેલૂરમાં ભવ્ય જૈન મંદિરો બંધાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. આ જૈન મંદિરોનું મૂર્તિવિધાન વિશિષ્ટ પ્રકારની સ્થાપત્ય શૈલીને કારણે ઘણું પ્રખ્યાત બન્યું છે. આ ઉપરાંત હોયસળ રાજવીઓના પ્રોત્સાહનને કારણે અનેક વિદ્વાનોએ કન્નડ ભાષામાં સાહિત્ય સર્જન કર્યું હતું.

## 12.પાંડ્ય રાજ્યના રાજાઓની કારકિર્દી વર્ણવો.

- પાંચ રાજ્યનો ઉલ્લેખ અશોકના શિલાલેખ અને 'સંગમ સાહિત્ય'માંથી મળે છે. આઠમી સદીમાં થયેલ મારવમન રાજસિંહ પહેલો, જટિલ પરાંતક અને નવમી સદીમાં થયેલ શ્રીમાર શ્રીવલ્લભ પરાક્રમી પાંડ્ય રાજાઓ હતા. આ

રાજાઓએ પલ્લવ, ગંગ, ચોલ, કલિંગ વગેરેને પરાજય આપી પાંચ રાજ્યનો વિસ્તાર વધાર્યો હતો. 12 મી સદીમાં પાંડ્ય સરદાર જાતવર્મન કુલશેખરે ચોલ આધિપત્યને ફગાવી દઈ દ્વિતીય પાંચ રાજ્યની સ્થાપના કરી. જાતવર્માન કુલશેખરના વંશમાં મારવમન, જાતવર્મન સંદર, મારવર્તન કુલશેખર વગેરે બળવાન રાજાઓ થયા. તેમણે ચોલ, કેરલ, મૈસુર અને લંકાના રાજાઓને પરાજય આપ્યો. પાંચ રાજ્ય ઉત્તરે નેલોરથી દક્ષિણે લંકા સુધી ફેલાયેલું હતું.

- આ રાજાઓએ અનેક ભવ્ય મંદિરો બંધાવ્યાં. તેમણે 'શ્રીરંગમ' અને 'ચિદમ્બર' મંદિરોનાં શિખરો સોનાથી મઢાવ્યાં. મારવમન કુલશેખરના સમયમાં વેનિસનો યાત્રાળ માર્કોપોલો દક્ષિણ ભારતમાં આવ્યો. તેમણે પાંચ રાજ્યના વહીવટ અને અઢળક સમૃદ્ધિનાં વર્ણન કર્યું છે. મારવર્મન કુલરોખરેના મૃત્યુ બાદ બીજા વર્ષે દિલ્લીના ના સુલ્તાન ખલજીના સેનાપતિ મલેક કાફૂરે પાંત્ર રાજ્યની રાજધાની મદુરા પર આક્રમણ કરી તેને જીતી લીધાં. આ સાથે જ સત્તાનો અંત આવ્યો.